# Portfolio Development and Dimensions of Career

**From 02/04/2021 [1 day(s)]**

Organized by

**Fashion Communication**

**Institute of Fashion Technology**



પોર્ટફોલિયો ડેવલોપમેન્ટ પર વેબિનારનું આયોજન કરાયું

## ફેશન ક્ષેત્રે કામ કરવા વિદ્યાર્થીઓએ ક્રિએટિવિટી પર કામ કરવું જોઈએ

**સંદેશ**

એમ.એસ.યુનિ.ની ફેશન કમ્યુનિકેશનના પ્રોગ્રામ ઓફ આઈએફટી દ્વારા કતાર દોહાના ફેશન અને પ્રોડક્ટ ડિઝાઈનર અનુરાગ વાલેસ સાથે ૨ એપ્રિલના રોજ વિદ્યાર્થીઓ માટે ખાસ પોર્ટફોલિયો ડેવલપમેન્ટ એન્ડ કારકિર્દીના પાસા વિષયે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ફેશન કમ્યુનિકેશનના વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. વર્કશોપનો ઉદ્દેશ ઉદ્યોગની આવશ્યકતાઓ અનુસાર પોર્ટફોલિયોને કેવી રીતે કમ્પાઈલ કરીને બનાવવું તે હતો. આ વેબિનારમાં વિદ્યાર્થીઓને સંબોધતા અનુરાગ વાલેસે જણાવ્યું હતું કે, મને અનેક વર્ષનો ફેશન અને પ્રોડક્ટ ડિઝાઈનમાં કામ કરવાનો અનુભવ છે. આ ક્ષેત્રમાં કાર્ય કરવા માટે દરેકે તેમની સર્જનાત્મકતા પર કામ કરવું જોઈએ. આ સાથે કોઈ પણ વસ્તુને કેવી રીતે એકસાથે સંકલન કરવું તે શીખવું પણ મહત્ત્વનું છે.

આ ઉપરાંત ગ્રાફિક ડિઝાઈનિંગ, વિઝ્યુઅલ મર્ચન્ડાઈઝિંગ અને સ્ટાઈલ વગેરે જેવા કારકિર્દીના જુદા જુદા ક્ષેત્રો પર પણ કામ કરવું જોઈએ. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રોફેસર રામેશ્વરી પંડ્યાના અને ફેકલ્ટી શશીરંજન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ વિશે માહિતી આપતા પ્રોફેસર રામેશ્વરી પંડ્યાએ જણાવ્યું હતું કે, કોરોનાને કારણે ઓફલાઈન પ્રોગ્રામ કરવા અશક્ય છે ત્યારે વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક યોગ્યતાઓને વિકસાવવા તથા તેનાથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં મદદરૂપ થવા માટે આ પ્રકારના વેબિનારનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

Students were encouraged to focus on creativity and indegenous ways of thinking and implementing in the field of fashion technology.
Total 87 participants including students and teachers were present this event.